RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 150, Dt.09-09-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુરતના ગણેશોત્સવ પર મોડી રાત્રે પથ્થરમારો

## મોડીરાત્રે બબાલઃ વાહનોમાં તોડફોડ – આગચંપીઃ ૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનો ખડકી દેવાયાઃ ડ્રોન મારફત કોમ્બીંગઃ ત્રણ જુદા જુદા ગુન્હા દાખલ

**મુખ્ય સમાચાર,સુરત**

સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલમાં પથ્થરમારો થતા મોડી રાત્રે જોરદાર બબાલ મચી હતી. તોડફોડ-આગજનીની ઘટનાઓ વચ્ચે તોફાનીઓને વિખેરવા માટે ટીયરગેસનાં સેલ છોડવામાં આવ્યા હતા. મોડીરાત્રે વાતાવરણ ડહોળાતા ૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનો ખડકી દેવામાં આવ્યા હતા.ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ પહોંચ્યા હતા. ૨૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

સુરતનાં સૈયદપુરાની વરીયાવી બજારમાં ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં મોડી રાત્રે કેટલાંક વિધર્મી છોકરાઓએ પથ્થરમારો કરતા વાતાવરણ ડહોળાયુ હતું. પથ્થરો ઝીંકાતા નાસભાગ મચી હતી ટોળા તોફાને ચડયા હતા. કેટલાંક વાહનોમાં તોડફોડ કરવામાં આવરી હતી.

બાઈક રીક્ષા સહીતના કેટલાંક વાહનો સળગાવી દેવામાં આવ્યા હતા. આ ઘટનાની માહીતી મળતાં જ અધિકારીઓનો કાફલો ઘસી ગયો હતો. તોફાનીઓને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો.ઉપરાંત ટીયરગેસનાં સેલ પણ છોડવામાં આવ્યા હતા.

સંવેદનશીલ હાલત વધુ ન વણસે તે માટે એસઆરપીનો કાફલો પણ ઉતારી દેવામાં આવ્યો હતો.૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનોને તૈનાત કરી દેવાયા હતા. જેને પગલે મામલો કાબુમાં આવ્યો હતો છતાં અજંપાભરી પરિસ્થિતિ પ્રવર્તી હતી.

પોલીસ કમિશ્નર અનુપમસિંહે ગેહલોતે કહ્યું કે રાતોરાત ૨૭ લોકોની ધરપકડ કરીને ત્રણ જુદા જુદા ગુના દાખલ કરાયા છે.એક ગુનો ગણપતીજીની મૂર્તિને પથ્થર મારવાનો બીજો ગુનો વાહનોમાં તોડફોડ-સળગાવવાનો ગુનો દાખલ કરાયો હતો.શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા કોઈને છોડવામા નહિં આવે તોફાનીઓને પકડવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો.

તેઓએ કહ્યું કે સૈયદપુરા હેઠળનાં નાનપુરા, સંદેર, મહારાણા, પ્રતાપ સર્કલ સહીતનાં વિસ્તારોમાં સુરક્ષા જવાનોનો તૈનાત કરીને કોમ્બીંગ ઓપરેશન હાથ ધરાયું છે. ડ્રોન મારફત નજર રાખવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે સુરતના સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય કાંતિ બલર વગેરે પણ પહોચી ગયા હતા.

સુરત પોલીસ ચોકીની આસપાસની બીલ્ડીંગોમાંથી પથ્થરમારો થયો હોવાનુ બહાર આવતા લોકો વધુ વિફર્યા હતા. પથ્થર મારનારા બાળકો હતો.પરંતુ તેઓને ઉશ્કેરવામાં આવ્યાનું ખુલતા મોટાપાયે અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા બાળકોને પથ્થર માર્યા બાદ ઈમારતોમાંથી પથ્થરમારો કરી દેવામાં આવ્યો હતો.

સુરતનાં સૈયદપુરામાં ગણેશ પંડાલ પર પથ્થર ઝીંકાયા હતા જોકે, સદનસીબે ગણેશ ભગવાનની મુર્તિને કોઈ નુકશાન થયુ ન હતું. મૂર્તિ ખંડીત થઈ ન હતી પરંતુ મુર્તિની નીચે ઢોલ હતો તે ફાટી ગયા હતો તેમ આયોજક મનિષાબેન ઘાયલે કહ્યું હતું.

### ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી મોડીરાત્રે જ ઘટનાસ્થળે પહોંચી ગયાઃ સુરતમાં જ મુકામ કરવાનું એલાન

સુરતના સૈયદપુરામાં ગણેશોત્સવમાં બબાલ વિશે માહીતી મળતા જ ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી મોડીરાત્રે અઢી વાગ્યે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.સવાર પડે તે પૂર્વે જ તમામ તોફાનીઓને ઝડપી લેવાના આદેશ કર્યા હતા.અમુક આરોપી ઘર બંધ કરીને છુપાઈ ગયા હોવાની બાતમી મળતા દરવાજા તોડીને બહાર કાઢવાની સુચના આપવામાં આવી હતી. તેઓએ કહ્યું કે પથ્થરબાજો પર સખ્તાઈપૂર્વક કાર્યવાહી કરવામાં આવી છે.તેઓએ આજના તમામ કાર્યક્રમો રદ કરીને આખો દિવસ સુરતમાં જ રહેવાનું જાહેર કર્યું હતું. પથ્થરો ફેંકતા ઉશ્કેરનાર શખ્સોને નહી છોડવાનું પણ તેમણે એલાન કર્યું હતું.લોકોમાં કોઈ ભય કે ગભરાટ ન રહે તે માટે ઘટના સ્થળનાં ગણેશ પંડાલ ખાતે મોડીરાત્રે આરતી કરવામાં આવી હતી હર્ષ સંઘવી તથા આયોજકો પણ સામેલ થયા હતા લોખંડી બંદોબસ્તને પગલે મોડીરાત્રે મામલો થાળે પડયો હતો.





# ભારતની રાજનીતિમાં નફરતનો માહોલ વધ્યોઃ અમેરીકામાં રાહુલ ગાંધીએ કરી વિગતવાર ચર્ચા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિપક્ષના નેતા અને રાયબરેલીના સાંસદ રાહુલ ગાંધી ત્રણ દિવસની મુલાકાતે અમેરિકા પહોંચી ગયા છે. રવિવારે તેઓ સૌપ્રથમ ટેક્સાસ ગયા હતા જયાં તેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળ્યા હતા અને તેમની સાથે અનેક મુદ્દાઓ પર વાત કરી હતી. આ જ વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ ભારતમાં વધી રહેલી બેરોજગારી, ચીનની ઉત્પાદન શક્તિ અને નફરતની રાજનીતિ વિશે વિગતવાર વાત કરી હતી.

રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે દેશમાં નફરતની રાજનીતિનું વાતાવરણ છે, પરંતુ ભારત જોડો યાત્રા દ્વારા પ્રેમ અને ભાઈચારાનું રાજકારણ શરૂ કરવામાં આવ્યું છે. ભારત જોડો યાત્રાને લઈને કોંગ્રેસ નેતાએ એમ પણ કહ્યું કે દેશને જોવાનો તેમનો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. આ અંગે તે કહે છે કે ભારત જોડો યાત્રાએ મારા કામ વિશે વિચારવાની રીતને મૂળભૂત રીતે બદલી નાખી. હું કહીશ કે રાજકારણને હું જે રીતે જોઉં છું, આપણા લોકોને જે રીતે જોઉં છું, તેમની સાથે વાતચીત કરવા અને તેમને સાંભળવા માટે હું જે રીતે જોઉં છું તે સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આ યાત્રામાં માત્ર હું જ નહીં, ઘણા લોકો સામેલ હતા કોંગ્રેસ નેતા આગળ કહે છે કે આપણા બધા સાથે કુદરતી રીતે જે સૌથી શક્તિશાળી બાબત બની હતી, કે અમે યોજના પણ નહોતી કરી, તે હતી રાજકારણમાં પ્રેમના વિચારની રજૂઆત. તે વિચિત્ર છે કારણ કે જો તમે રાજકીય પ્રવચન જુઓ છો. મોટાભાગના દેશો જો તમે જુઓ, તો તમને પ્રેમ શબ્દ ક્યારેય મળશે નહીં. તમને નફરત, ગુસ્સો, અન્યાય, ભ્રષ્ટાચાર બધા જ શબ્દો મળશે પણ તમને નપ્રેમથ શબ્દ ભાગ્યે જ જોવા મળશે. ભારત જોડો યાત્રાએ વાસ્તવમાં તે વિચારને ભારતીય રાજકીય વ્યવસ્થામાં દાખલ કર્યો. હવે રાહુલ ગાંધીએ માત્ર ભારત જોડો યાત્રાની વાત જ નથી કરી, આ સાથે તેમણે અનેક અવસરો પર ચીનની વધતી શક્તિનો પણ ઉલ્લેખ કર્યો છે. ચીન વિશે રાહુલ ગાંધીએ કહ્યું કે તે દેશે તેના ઉત્પાદન પર સમયસર ધ્યાન આપ્યું, તેથી જ ત્યાં રોજગારની કોઈ સમસ્યા નથી. ભારતમાં હજુ પણ મોટાભાગની વસ્તુઓ ચીનમાં બને છે. ચીનની આ નીતિ તેને એટલી સફળ બનાવી છે. રાહુલે ફરી એકવાર અમેરિકાની ધરતી પરથી લોન માફીનો મુદ્દો ઉઠાવ્યો.



# જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી ખોરવવા ભારે શસ્ત્રો -વિસ્ફોટકો સાથે ઘુસેલા બે આતંકી ઠાર

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી સમયે જ આતંક ફેલાવવાના ઈરાદા સાથે સક્રિય બનેલા બે આતંકીઓને આજે ભારતીય સેનાએ ઠાર માર્યા હતા અને તેમની પાસેથી મોટી સંખ્યામાં વિસ્ફોટકો પણ મળી આવ્યા હતા.

જેથી તેમનો ઈરાદો ચૂંટણીમાં પ્રચાર સમયે કોઈ મોટો ત્રાસવાદી હુમલો કરવાનો હતો. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના ટોચના નેતાઓ હવે જમ્મુ કાશ્મીરમાં પ્રચાર માટે જઈ રહ્યા છે તે જ સમયે આ હુમલો કરીને ચૂંટણી પ્રક્રિયા ખોરવવાના ઈરાદાને સેનાના ઘુસણખોરી દળોએ નાકામ કર્યુ છે.



એક ઈનપુટના આધારે ગઈકાલે રાત્રે નૌશેરામાં આતંકી વિરૂધ્ધ અભિયાન શરૂ કરાયું હતું અને તેમાં દારૂગોળા અને શસ્ત્રો સાથે જઈ રહેલા બે આતંકીઓને આંતરવામાં આવ્યા હતા અને તેઓએ ગોળીબાર કરતા વળતા જવાબમાં બંનેને ઠાર મરાયા હતા અને આ ક્ષેત્રમાં હજુ વધુ ત્રાસવાદી હોવાના રીપોર્ટ બાદ ઓપરેશન યથાવત રખાયું છે.સેનાએ એલર્ટ જાહેર કર્યુ છે. રાજયમાં તા.૧૩ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે તે સમયે એક મીની યુધ્ધ છેડી શકાય તેટલો વિસ્ફોટકો અને શસ્ત્રો આ ત્રાસવાદી પાસેથી મળી આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં વધેલા હુમલા બાદ હવે આકરો વળતો જવાબ આપવામાં આવી રહ્યો છે.

# વિમા પ્રિમીયમ પર GST ઘટશે ! ડેબીટ – ક્રેડીટ કાર્ડ પેમેન્ટ મોંઘા થવાની ધારણા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી બાદ રજૂ થયેલા બજેટમાં જીએસટી અંગેની માંગણીઓમાં ખાસ કરીને વિમા પ્રિમીયમ પરના જીએસટી ઘટાડવાની વ્યાપક બનેલી માંગણીઓ સહિતના મુદ્દે વિચારણા કરવા આજે દિલ્હીમાં જીએસટી કાઉન્સીલની મળી રહેલી બેઠક પર સૌની નજર છે.

ખાસ કરીને નાણામંત્રી નિર્મલા સિતારામને વિમા પ્રિમીયમ પરના જીએસટી મુદ્દે રાજયો તરફેણ કરે છે તેવું જણાવીને જીએસટી કાઉન્સીલ પર જવાબદારી નાખી દીધી હતી. જયારે આજે જીએસટી કાઉન્સીલની બેઠકમાં કોઈ આખરી નિર્ણય લેવાય તેવી શકયતા નહીંવત છે. પરંતુ માનવામાં આવે છે કે, વિમા પ્રિમીયમ પરના દરો તર્કસંગત બનાવાશે જયારે ઓનલાઈન ગેમીંગ પરની સ્થિતિ પરનો રિપોર્ટ પણ જીએસટી કાઉન્સીમાં રજૂ થશે. આ કમીટીમાં કેન્દ્ર અને રાજયના અધિકારીઓ સામેલ હોય છે અને તે કોઈ પણ ઉત્પાદન કે સેવા પરના જીએસટી દરો અંગે વારંવાર સમીક્ષા કરીને તેનો રિપોર્ટ કાઉન્સીલને સુપ્રત કરે છે. નાણામંત્રી નિર્મલા સિતારામને લોકસભામાં કહ્યું હતું કમીટી નિર્ણય લઈ શકે છે હાલ સ્વાસ્થ્ય વિમા પર ૧૮ ટકાનો જીએસટી છે તેમાં હવે કેટલી છુટછાટ અપાઈ છે તેના પર નજર છે. ખાસ કરીને સીનીયર સીટીઝન અને ચોકકસ વર્ગના લોકો કે જયાં શારીરિક વિકલાંગતા ધરાવતા હોય તેમને આ પ્રકારના જીએસટીમાંથી મુક્તિ મળી શકે છે.આ ઉપરાંત જીવન વિમા પરના જીએસટી દર અંગે પણ વિચારણા કરવા કમીટી પર દબાણ છે. ભારતમાં જે રીતે સોશ્યલ સિકયોરીટીનો મુદ્દો છે તેથી વિમા પ્રિમીયમો સસ્તા બનાવીને વ્યાપક રીતે તેનો લાભ મળે તે જોવા સરકાર આતુર છે. તો બીજી તરફ હવે ડેબીટ અને ક્રેડીટ કાર્ડનું પેમેન્ટ પણ મોંઘુ થશે. તે અંગે ચર્ચા છે. સરકાર રૂા. બે હજાર સુધીના પેમેન્ટ પર ૧૮ ટકા સુધી જીએસટી લાદી શકે છે. ખાસ કરીને પેમેન્ટ એગ્રીગેટર એટલે કે જે આ પ્રમાણે પેમેન્ટમાં મીડીએટરની ભૂમિકા ભજવે છે તેવી કંપનીઓ માટે હવે ડેબીટ અને ક્રેડીટ કાર્ડમાં રૂા. બે હજાર કે ઓછાના પેમેન્ટ પર જીએસટી આવી શકે છે. ખાસ કરીને રૂા. બે હજારથી ઓછા ડીજીટલ ટ્રાન્જેકશનને પ્રોસેસ કરવા માટે વેપારીઓ પાસેથી લેવામાં આવતી ફી પર આ જીએસટી લાગશે. દેશમાં ડીજીટલ પેમેન્ટમાં ૮૦ ટકાથી વધુ રૂા. બે હજાર કે તેની અંદરના પેમેન્ટ થાય છે જોકે જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડીજીટલ પેમેન્ટને વેગ આપી રહ્યા છે અને સામાન્ય વ્યાપારી પણ હવે ડીજીટલ પેમેન્ટ સ્વીકારે છે આ ટેકસ બદલ સરકાર સમક્ષ વિરોધ થઈ શકે છે.




# કોરોનાની રસી લીધા બાદ દર ૩ માંથી ૧ પરિવારનું આરોગ્ય બગડયુંઃ સર્વે

## ૬૭ ટકા પરિવારોએ સ્વીકાર્યું કે કોરોના રસી લીધા બાદ તબિયત બગડી હોય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એક સર્વેમાં સામેલ દર ત્રણમાંથી એક વ્યકિતનું કહેવુ છે કે કોરોના વેકસિન લગાવ્યા બાદ તે સ્વાસ્થ્ય સાથે જોડાયેલી પરેશાનીનો સામનો કરી રહ્યા છે. લોકલ સર્કલનાં સર્વેમાં આ બાબત બહાર આવી છે.

સરકારી આંકડામાં કોરોના રસીકરણ બાદની આડઅસરમાં પ્લેટલેટસ ઘટવા અને લોહીના ગઠ્ઠા જામી જવા જેવી ફરિયાદો જ સામેલ થઈ હતી. એ પણ ત્યારે જયારે રસીકરણનાં કેટલાંક કલાકો-દિવસો કે હપ્તામાં આવી ફરિયાદો ઉઠી હતી.

સરકારી ડેટાબેઝમાં રસીકરણનાં મહિના કે વર્ષો બાદની ખરાબ અસરને કયાંય નોંધવામાં નથી આવી. સર્વેમાં જે લોકોએ પણ કોરોના રસીકરણની આડ અસરની વાત કરી છે તેમાંથી ૧૦ ટકાએ હૃદયના ધબકારા વધી જવા બ્લડ પ્રેસર ઘટી જવુ, ચકકર આવવા જેવી ફરિયાદો કરી છે.

આડ અસરની વાત કરનારાઓમાં ૭૭ ટકાએ માન્યુ કે તેમણે કોવિશીલ્ડ વેકસિન લીધી હતી. સમીકરણ બાદ કેવા પ્રકારની પરેશાની લોકો અનુભવતા હતા?

૨ ટકા કિડનીમાં ખરાબી, ૪ ટકા હૃદયની બિમારી વધવા ૪ ટકા કેન્સર, ૬ ટકા છાતીમાં દુઃખાવો, ૬ ટકા લોહીમા ગઠ્ઠા જામવા, ૮ ટકા બ્રેઈન સ્ટ્રોક-લકવા, ૧૦ ટકા હૃદયના ધબકારા વધવા, બીપી ઘટવુ, માથુ ભારે લાગવુ, ૯ ટકા અન્ય બિમારીનો સામનો કરતા હશે.



### નવી બિમારીમાં અસરગ્રસ્તોએ કઈ કોરોના વેકસીન લીધેલી?

૯ ટકા કહી શકયા નહોતા. ૪ ટકાએ દેશની બહાર રસી લીધેલી. ૫ ટકાએ કોવેકિસન લીધેલી, ૫ ટકાએ સ્પુતનિક વેકસિન લીધેલી જયારે ૭૭ ટકાએ કોવિશીલ્ડ લીધી હતી. ૬૭ ટકા લોકોએ જણાવ્યું હતુંકે પરિવારમાં ખરાબ સ્વાસ્થ્ય માટે કોરોનાને કારણ નથી માનતા જયારે ૩૩ ટકા લોકોએ હા પાડી હતી.

# બાળકો – સગીરનાં પીપીએફ ખાતામાં વાલીના નામ ફરજીયાત

- નવા નિયમોમાં દ્વિધા સર્જાતા સરકારની ચોખવટ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પીપીએફ ખાતાનાં નિયમોમાં તાજેતરમાં થયેલા બદલાવથી ઉદભવેલી દ્વિધાને પગલે કેન્દ્ર સરકારે મહત્વની ચોખવટ કરી છે.સગીરનાં નામે ખોલવામાં આવેલા ખાતામાં વાલીનું નામ ન હોય તો જ તેને અનિયમીત ગણવામાં આવશે. આ ખાતામાં પોસ્ટ ઓફીસનાં બચત વ્યાજના દરે જ વ્યાજ મળશે.

પીપીએફના નવા નિયમો ૧ ઓકટોબરથી લાગુ થવાના છે. અનેક ખાતાઓ સગીરના નામે છે અને તેમાં વાલીના નામ નથી. નિયમ મુજબ વાલીના નામ અનિવાર્ય છે. નવા નિયમો હેઠળ સરકાર આવા ખાતા પર અંકુશ મુકવા માંગે છે.

આ ખાતાઓને નિયમોના દાયરા હેઠળ લાવવાનો આશય છે. સરકાર દ્વારા એવી ચેતવણી આપવામાં આવી છે કે પીપીએફના નિયમોનો અમલ નહીં થવાના સંજોગોમાં કાર્યવાહી થશે. સગીર ખાતા ધારક પુખ્ત થયા બાદ જ અનિયમીત ખાતામાં પીપીએફના વ્યાજ મળશે.

# સૌરાષ્ટ્ર - કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષ મહિલાને સુકાન

## મોરબી – પોરબંદર કોર્પોરેશન બનવાના હોવાથી લીસ્ટમાંથી બાકાતઃ દરેક વોર્ડમાં ૪ માંથી ૧ ઓબીસી ઉમેદવાર રહેશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઓબીસી અનામતના મામલે લાંબા વખતથી અટકેલી નગરપાલિકાઓ તથા અમુક જીલ્લા પંચાયતોની ચૂંટણીના પડઘમ વાગવા માંડયા છે ત્યારે રાજય સરકાર દ્વારા રોસ્ટર જાહેર કરવામાં આવ્યુ છે.

સૌરાષ્ટ્ર-કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષ સુકાન મહિલાઓના હાથમાં રહેશે. આજ રીતે દરેક વોર્ડમાં ૧-૧ ઓબીસી ઉમેદવાર ફરજીયાત હશે. મોરબી તથા પોરબંદરને મહાનગરપાલિકાનો દરજજો આપવાનું જાહેર કરવામાં આવી હોવાથી રોસ્ટર લીસ્ટમાંથી તેને બાકાત રાખવામાં આવી છે.

રાજયની નગરપાલિકાઓમાં લાંબા વખતથી ચૂંટણી અટકેલી હતી.પરીણામે મહિલાઓથી વહીવટદાર શાસન લાગુ હતી હવે અનામત ચિત્ર સ્પષ્ટ થઈ જવા સાથે દિવાળી કે વર્ષાંત સુધીમાં ચૂંટણી યોજવાના ચક્રો ગતિમાન થયા છે. રાજય ચુંટણી પંચ તથા રાજકીય પક્ષોએ પણ ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. ત્યારે સરકાર દ્વારા આગામી પંચ ચૂંટણી (૨૫ વર્ષ) માટે રોસ્ટર પ્રમુખપદ માટે રોસ્ટર જાહેર કરવામાં આવ્યુ છે. રાજયની ૧૫૦ નગરપાલિકા માટે રોસ્ટરનું એલાન કરાયું છે તે પૈકી સૌરાષ્ટ્ર-કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકામાં ચૂંટણી પછીના પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખપદ મહિલા અનામત રહેશે. જોકે જનરલ-ઓબીસી સહીત જુદી જુદી કેટેગરી તેમાં સામેલ છે.

ઓબીસી અનામતનું ચિત્ર સ્પષ્ટ થઈ જ ગયુ છે.જયારે એક વોર્ડમાં એક ઓબીસી ઉમેદવાર ફરજીયાત રહેશે. સામાન્ય રીતે એક વોર્ડમાં ચાર ઉમેદવાર રહેતા હોય છે તેમાં બે મહિલા અને બે પુરૂષ હોય છે.હવે એક ઓબીસી હશે. સૌરાષ્ટ્ર-કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકાઓમાં પ્રથમ અઢી વર્ષનું સુકાન મહિલાઓનાં હાથમાં રહેવાનું છે. તેમાં ભાવનગર જીલ્લાની તમામ ૬ તથા પોરબંદર જીલ્લાની બન્ને નગરપાલીકાનું પ્રમુખપદ મહિલાઓ માટે અનામત રહેશે. જીલ્લાવાર ગણતરી કરવામાં આવે તો કચ્છમાં સાતમાંથી બે નગરપાલીકામાં પ્રથમ અઢી વર્ષનું સુકાન મહિલાઓનાં હાથમાં રહેશે.




રાજકોટ જીલ્લાની ૬ માંથી પાંચ નગરપાલીકામાં પ્રથમ અઢી વર્ષનુ પ્રમુખપદ મહિલા પાસે રહેશે. આજ રીતે સુરેન્દ્રનગરમાં ૫ માંથી ૨, બોટાદમાં ૩ માંથી ૨, જુનાગઢ જીલ્લાની ૭ માંથી ૪, દ્વારકા જીલ્લામાં ૭ માંથી ૨, જામનગર જીલ્લામાં ૪ માંથી ૩ મોરબી જીલ્લામાં ૩ માંથી ૨, ગીર સોમનાથ જીલ્લામાં ૫ માંથી ૨, અમરેલી જીલ્લામાં ૯ માંથી ૮, નગરપાલીકામાં પ્રથમ અઢી વર્ષનું સુકાન મહિલાઓના હાથમાં રહેશે. મોરબી તથા પોરબંદર નગરપાલીકાઓને રોસ્ટરનાં આ લીસ્ટમાંથી બાકાત રાખવામાં આવી છે.

## ભાજપના પૂર્વ પ્રમુખની હોટલમાં રંગરેલીયા

# દારૂ-બિયરનું ખુલ્લેઆમ સેવન, અશ્લીલ ડાંસ કરતી મહિલા પર ચલણી નોટોનો વરસાદ; ૮ મહિલા, ૧૦ પુરુષ અને ૧ ટ્રાન્સજેન્ડરની ધરપકડ

**મુખ્ય સમાચાર,ઉના**

દીવમાં આવેલી દીવ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ બિપીન શાહની હોટલ 'ધ તુલીપ'માં દીવ પોલીસ દ્વારા રાત્રિના સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હોટલના પરિસરમાં ગેરકાયદેસર રીતે અને અશ્લીલ ગતિવિધિઓ થતી હોવાની બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસ અધિકારીઓએ ઉશ્કેરણીજનક પોશાકમાં આશરે આઠ મહિલાઓ અશ્લીલ નૃત્ય પ્રદર્શન કરી રહી હતી, જેમાં એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિ સાથે બધા ડીજે મ્યુઝિકના તાલે પરફોર્મ કરી રહ્યા હતા. આ પ્રદર્શનમાં પુરુષો પણ સાથે હતા. એક શખસ અશ્લીલ ડાંસ કરતી મહિલાઓ ઉપર ચલણી નોટો ફેંકી રહ્યો હતો. તે જ સમયે પોલીસ ત્રાટકી હતી.

આ હોટલમાં દરોડા દરમિયાન ૦૮ મહિલાઓ, ૧૦ પુરુષ અને ૦૧ ટ્રાન્સજેન્ડરને સ્થળ પરથી પકડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન આ તમામ પરવાનગી, પરમીટ વગર ગેરકાયદેસર રીતે દારૂ અને બિયરનું ખુલ્લેઆમ સેવન કરતાં ઝડપાયા હતા. જેથી દારૂ-બિયર અને વિવિધ વસ્તુઓ સહિત મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જેમાં દીવ પોલીસે ઈડ



લેપટોપની કિંમત ૩૦,૦૦૦, પાવર એક્સ સ્પીકર જેની કિંમત ૫૦૦૦, સ્ટ્રેન્જર સ્ટીરિયો મિક્સર જેની કિંમત ૨૦૦૦, માઈક્રોફોન જેની કિંમત ૧૦૦૦, ડિસ્કો લાઈટ જેની કિં. ૫૦૦, રોકડ રકમ સાથે ૮ મહિલા સહિત ૧૧ લોકોની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, હોટલ માલિક પાસે હોટલમાં દારૂ રાખવા અને નૃત્ય કરવા માટેની પરવાનગી, પરમીટ માંગવા પર હોટલ પાસે કોઈ પરમિટ ન હતી.પોલીસે પકડી પાડેલા આરોપીઓ જેમાં સિકંદર સલીમભાઈ કુરેશી (રહે. દીવ), મુકેશ અમરસિંગ સોલંકી (રહે.દીવ), મનોજ શામજી કાપડીયા (રહે. બેડીપરા રણછોડનગર રાજકોટ), ઈરફાન હરીફભાઈ શેખ (રહે. રૈયાધાર રાજકોટ), કીરણ લિમ્બા રાઠોડ (રહે.શાંતિનગર મહુવા), અરુણ રેવાશંકર જોષી (રહે, મહુવા, ભાવનગર), રાજા નાગજીભાઈ ઝાલા (રહે. ભાવનગર) અકીલ અનીસ હેન નકવી, ભાવેશ અકા પરમાર, હિંમત ચકરભાઈ મકવાણા તેમજ હિતેશ વલ્લભભાઈ આહીર (રહે. મહુવા, ભાવનગર) આ તમામની ધરપકડ કરી હોવાનું જઉડઘ રાહુલ બલ્લારાએ જણાવ્યું હતું. પોલીસ હોટલમાં પહોંચી ત્યારે હોટલમાં દારૂ અને બિયર કે અશ્લીલ ડાંસની પરવાનગી, પરમીટ વગર ગેરકાયદેસર રીતે દારૂ અને બિયરનું ખુલ્લેઆમ સેવન કરાતું હતું. આ ઉપરાંત અશ્લીલ ડાંસ કરતી મહિલાઓ ઉપર ચલણી નોટોનો વરસાદ થતો હતો. ત્યારે દીવ પોલીસે રંગમાં ભંગ પાડતી હોય તેમ ત્રાટકી હતી. દીવ પોલીસે હોટલ 'ધ તુલીપ' વિરુદ્ધ સખત કાનુની કાર્યવાહી કરી હતી. મહત્વપૂર્ણ બાબત એ છે કે, આ 'ધ તુલીપ' હોટલ દીવ ભાજપના પૂર્વ પ્રમુખ બિપિન શાહની છે. ત્યારે ભાજપાના અનેકો નેતાઓના ફોન પોલીસ ઉપર આવ્યા પણ ફાવ્યા ન હતા.

# ટંકારા પોલીસે ખોવાયેલા બે મોબાઈલ શોધી મૂળ માલીકને પરત કર્યા



**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ખોવાયેલ ૦૨ મોબાઈલ શોધી કાઢી અરજદારને ટંકારા પોલીસ મથકમાં બોલાવી સુપરત કરવામાં આવ્યા હતા ત્યારે પોલીસ પ્રજાનો મિત્ર સુત્રને સાર્થક કર્યુ હતું.

ટંકારા પોલીસ મથકના પીઆઈ વાય.કે. ગોહીલ તથા પીએસઆઈ એમ.જે.ધાધલની રાહબરી હેઠળ ટંકારા પોલીસ મથક વિસ્તારમા ખોવાયેલ/ગુમ થયેલ ચીજવસ્તુઓ શોધી કાઢવા સ્ટાફને માર્ગદર્શન અને સુચના કરેલ હોય જે અનુસંધાને ટંકારા પોલીસ મથકના સર્વેલન્સ ટીમ દ્વારા CEIR એપ્લીકેશનનો ઉપયોગ કરી આમ જનતાના ખોવાયેલ મોબાઈલની જરૂરી વિગત મેળવી એપ્લીકેશનમાં અપડેટ કરવામાં આવ્યા હતા. ત્યારે ઉપરોક્ત એપ્લીકેશનનું રોજે રોજનું અપડેટ મેળવી અરજદારના કુલ-૦૨ મોબાઈલ કી.રૂ.૨૫,૯૯૯/- ના શોધી અરજદારને ટંકારા પોલીસ મથક બોલાવી પરત સોંપી તેરા તુજકો અર્પણ તથા પોલીસ પ્રજાનો મિત્રનું સુત્ર સાર્થક કરેલ છે.

# જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ષષ્ઠીપૂર્તિ વર્ષમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતા આ ષષ્ટિ પૂર્તિ વર્ષમાં હિન્દુત્વની જાગૃત્તતા અને ધર્મની જાળવણી અર્થે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દરેક જીલ્લામાં હિન્દુ.સંમેલનો યોજાઈ રહ્યા છે. ત્યારે જામનગર મહાનગરમાં પણ લેઉવા પટેલ સમાજ રણજીત નગર ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાઈ ગયું હિન્દુ ધર્મ - સંસ્કૃતિ - પરંપરાના રક્ષણ તથા સંવર્ધન માટે વર્ષ ૧૯૬૪ માં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના થઈ હતી જેને આજે ૬૦ વર્ષ થતાં ષષ્ઠીપૂર્તિ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે આજ દિન સુધીના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન તથા જનજાગરણ થકી વિ.હિ.પ. દ્વારા શ્રધ્ધા કેન્દ્રોની મુક્તિ, લવલેન્ડ જેહાદ વિરૂધ્ધ કાયદા, ગૌરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું, ઘરવાપસી, સામાજિક સમરસતા, વનવાસી કલ્યાણ, સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે પણ ૩૨ દેશોમાં ૬૩ હજાર કરતા વધુ



સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિ.હિ.પ. એ વિશ્વના દરેક હિન્દુનું પોતાનું સંગઠન છે.આ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે શાસ્ત્રી સ્વામી ચતુર્ભૂજદાસજી મહારાજ, કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજના આશિર્વચનનો લાભ મળ્યો હતો તેમજ વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી કિરીટભાઈ મિસ્ત્રી મુખ્ય વકતા હતા અને મોટી સંખ્યામાં હિન્દુ ભાઈ બહેનોએ આ સંમેલનનો લાભ લીધો હતો આ તકે સંમેલનમાં ધારાસભ્ય રિવાબા જાડેજા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા ,દંડક કેતનભાઈ નાખવા, પૂર્વ મેયર અમીબેન પરીખ, લઘુ ઉદ્યોગ ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત પ્રમુખ દિનેશભાઈ ડાંગરિયા, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા, સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી માંથી ભાણજીભાઈ અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા.

આ તકે વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ભરતભાઈ મોદી , સૌરાષ્ટ્ર પ્રાંત બજરંગ દળ સંયોજક રવિરાજસિંહ જાડેજા, માતૃશક્તિ પ્રાંત સહસંયોજિકા હીનાબેન અગ્રાવત,વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા,જામનગર મહાનગરના અધ્યક્ષ વિજયભાઈ બાબરીયા, જામનગર ગ્રામ્ય અધ્યક્ષ રમેશભાઈ તારપરા, મહાનગર ઉપાધ્યક્ષ સુબ્રમણ્યમભાઈ પીલ્લે, બિમલભાઈ ચોટાઈ, લીરીબેન માડમ, કોષાધ્યક્ષ નિલેશભાઈ વાટલીયા, મંત્રી હેમંતસિંહ જાડેજા , સહમંત્રી રસિકભાઈ અમરેલીયા, ધર્મઆચાર્ય સુરેશભાઈ ગોંડલીયા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેન ભાઈ રાજાણી, સેવા વિભાગ સંયોજક કિંજલભાઈ કારસરિયા, ધર્મ પ્રસારણ ભરતભાઈ કાનાબાર, અર્ચક પુરોહિત નિરુભા જાડેજા, બજરંગ દળ સહસંયોજક ધ્રુમિલ રાવ લંબાટે, માતૃશક્તિ જામનગર મહાનગર સંયોજિકા વર્ષાબેન નંદા, સહસંયોજકા ભગીરથી બેન અજા ,ભાવનાબેન ગઢવી, ભાવનાબેન મણીયાર, અલકાબેન ટંકારીયા, સત્સંગ પ્રમુખ પ્રફુલાબેન અગ્રાવત, રેખાબેન લાખાણી, અંજુબેન, મીનાબેન દવે, ઉષાબેન જોશી ,ધ્રુવીબેન નંદા સહિત માતૃશક્તિ, દુર્ગાવાહિની, અને બજરંગ દળના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

# મોરબીના શનાળા રોડ ઉપર એપાર્ટમેન્ટના ફ્લેટમાં જુગાર રમતા ૯ શકુનીની રૂા.૩૨.૫૦ લાખ સાથે અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શનાળા રોડ ઉપર મોમ્સ હોટલ પાછળ અક્ષરધામ-૨ માં આવેલ શ્રીજી હાઈટસના ફ્લેટમાં રેઈડ કરતા જ્યાં તીનપત્તીના જુગારની મહેફિલ જમાવી બેઠેલા ૯ જગારીને રોકડા રૂપિયા ૩૨.૫૦ લાખ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. અટક કરવામાં આવી છે.

મોરબી સીટી એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.એન.ભટ્ટ તથા એ ડીવીઝન શનાળા પોલીસ ચોકી ટીમ દારૂ/જુગારની ગેરકાયદેસરની પ્રવૃત્તિ અન્વયે પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન હેડ કોન્સ.પ્રવીણસિંહ ઝાલાને મળેલ ખાનગી હકિકત આધારે શનાળા રોડ મોમ્સ હોટલ પાછળ અક્ષરધામ-૨ માં આવેલ શ્રીજી હાઈટસ ફ્લેટ નં. ૨૦૨માં રહેતા ગીરીશભાઈ દુર્લભજીભાઈ ઉઘરેજાના ફ્લેટમાં દરોડો પાડતા જ્યાં તીનપત્તીના જુગારની મજા માણી રહેલા (૧)ગીરીશભાઈ દુર્લભજીભાઈ ઉધરેજા ઉવ.૩૨ રહે.શનાળા રોડ શ્રીજી હાઈટસ બીજા માળે ૨૦૨, (૨)મયુરભાઈ વિઠ્ઠલભાઈ મુછડીયા ઉવ.૩૨ રહે.મોરબી મારૂતીનંદન એપાર્ટમેન્ટ પંચાસર રોડ, (૩)મનીષભાઈ લાલજીભાઈ વડસોલા ઉવ.૪૦ રહે.પંચાસર રોડ ઉમા ટાઉનશીપ મોરબી, (૪)તરૂણભાઈ વલ્લભભાઈ કાવર ઉવ.૩૩ રહે.અવની ચોકડી હરીદ્વાર એપાર્ટમેન્ટ , (૫)સંજયભાઈ પ્રભુભાઈ સનારીયા ઉવ.૩૭



રહે.અવની ચોકડી સોહમ એપાર્ટમેન્ટ (૬)કુલદીપભાઈ ઈશ્વરભાઈ કાસુન્દ્રા ઉવ.૨૮ રહે.રવાપર રોડ દર્પણ સોસાયટી મોરબી, (૭)ધર્મેન્દ્રભાઈ નાથાભાઈ રૈયાણી ઉવ.૪૨ રહે.રાજનગર પંચાસર રોડ મોરબી, (૮)ધર્મેન્દ્રભાઈ ચતુરભાઈ ઉઘરેજા ઉવ.૩૪ રહે.ગોકુલ મથુરા મારૂતી નંદન એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૧૦૧, (૯)ભાવેશભાઈ કેશવજીભાઈ ભીમાણી ઉવ.૩૬ રહે.રવાપર ધુનડા રોડ ગંગા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૭૦૩ મોરબીને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા ૩૨.૫૦/- રોકડ રકમ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણ તાલુકાના ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે રાજુભાઈ જોષીની નિમણૂક



**મુખ્ય સમાચાર,જસદણ**

પાંચ વર્ષ માટે નિમણૂક કરવામાં આવતા જ તેમને ઠેર ઠેર થી શુભેચ્છાઓ અને શુભકામનાઓ મળી રહી છે પવિત્ર યાત્રાધામ ઘેલા સોમનાથ મંદિરના વહીવટ માટે એક નવી સમિતિની રચના સરકાર તરફથી જાહેર કરવામાં આવી હતી આ સમિતિની રચના રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ સચિવ દ્વારા કરવામાં આવતા જેમાં મુખ્યત્વે રાજકોટ જિલ્લા કલેકટર અધ્યક્ષ નાયબ કલેકટર ઉપાધ્યક્ષ અને જસદણ મામલતદાર સભ્ય સચિવ અને ૧૩ અન્ય બિનસરકારી સભ્યોની સેવાને વરેલા એવા જસદણ સોમનાથ જીનિંગ ફેકટરીના માલિક એવા રાજેશભાઈ જોષી ને નિમણૂક ને જસદણ મત વિસ્તારના ધારાસભ્ય શ્રી તેમજ રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયા સહિતના હોય અભિનંદન પાઠવ્યા હતા આ તો કે રાજેશભાઈ જોષી એ પણ આ નિમણૂકને લઈ સામેલ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો અત્રે નોંધનીય છે કે ઘેલા સોમનાથ મહાદેવ ની આ જગ્યા ખાસ ઈતિહાસ સાથે જોડાયેલી હોય તે હેતુથી દેશ-વિદેશથી ભાવિકોની અવરજવર રહે છે સરકાર શ્રી એ પણ કરોડો રૂપિયા નો વિકાસ હાથ ધરી શિવભક્તો માટે ખાસ સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે.

# વાંકાનેરના કોઠી ગામે થયેલ અલગ અલગ ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો, ત્રણ આરોપીની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકાના કોઠી ગામે અલગ અલગ ખેતીના સાધનો તથા એક મોટરસાયકલની થયેલ ચોરીમાં કુલ ત્રણ ચોરીની ફરિયાદ અત્રેના તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ હતી. ત્યારે તાલુકા પોલીસ સર્વેલન્સ સ્ટાફ દ્વારા ગણતરીના દિવસોમાં ત્રણેય ચોરીનો ભેદ ઉકેલી ત્રણ ચોર ઈસમને ઝડપી લેવામાં સફળતા મળી છે. પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કરી પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એલ.એ ભરગા તથા એએસઆઈ ચમનભાઈ ચાવડા, પો.કોન્સ વિજયભાઈ ડાંગરને સંયુકતમાં મળેલ બાતમીને આધારે વાંકાનેર





તાલુકાના કોઠી ગામે અલગ અલગ ખેતીના સાધનો તથા એક મોટરસાયકલની થયેલ ત્રણ ચોરીનો ભેદ ઉકેલી ત્રણ ચોર આરોપી સોંડાભાઈ શીવાભાઈ સેફાત્રા(મીર) ઉવ ૨૯ રહે.ખેતરડી તા.હળવદ, સાજણભાઈ રણમલભાઈ ઉર્ફે જુગાભાઈ ચાવડા જાતે.ભરવાડ ઉવ.૨૮ રહે. કોઠી ગામ તા.વાંકાનેર તથા રાહુલભાઈ ઉર્ફે ભુરાભાઈ બચુભાઈ સેફાત્રા(મીર) ઉવ.૨૨ રહે.ખેતરડી તા.હળવદવાળાને ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે ચોરી કરેલ ટ્રેક્ટરની ટોલી, રોટાવેટર, એક હિરો સ્પ્લેન્ડર મોટરસાયકલ તથા હલર(થ્રેશર) એમ મળી કુલ કિ.રૂ.૨,૮૫,૦૦૦ /- ના મુદ્દામાલ ત્રણેય આરોપીઓ પાસેથી રિકવર કરવામાં આવ્યો હતો. હાલ પકડાયેલા ત્રણેય આરોપીઓની અટકાયત કરી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ત્રણ ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

# જામનગર શહેરમાં બચુનગર વિસ્તારનાં વાડામાંથી ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો LCBએ ઝડપી પાડ્યો

જામનગર શહેરમાં બચુનગર વિસ્તારમાં આરોપીના વાડામાંથી ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો ક્રઈઈ પોલીસે ઝડપી



પાડ્યો છે. જ્યારે શહેરમાં વાઘેલા વિસ્તાર પાસે આવેલ બચુ નગરમાં રહેતા મોસીન મોહમ્મદ ભાયાના કબ્જાવાળા માંથી ઈંગ્લિશ દારૂની ૮૪૦ નંગ બોટલ નો જથ્થો એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે જ્યારે જેની કિંમત ૩,૩૬,૦૦૦ થાય છે.જામનગર ક્રઈઈ પોલીસ શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાકીના આધારે શહેરમાં વાઘેર વાળા પાસે બચુ નગર વિસ્તારમાં આરોપી મોસીન મહમદ ભાયા પાસે ઈંગ્લિશ દારૂનો જથ્થો પોતાના વાડામાં રાખ્યો છે તેવી બાતમી એલસીબી પોલીસ સ્ટાફ ના દિલીપ તલાવડિયા,હરદીપ બારડ, ઋષિરાજસિંહ અને હિતેન્દ્રસિંહ જાડેજાને મળી હતી. જ્યારે તેઓને ધરોડો પાડી ૮૪૦ બોટલ ઈંગ્લિશ દારૂની પકડી પાડી અને કુલ મળીને ૩.૩૬ લાખ હજારનો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન કલમ હેઠળ કાર્યવાહી કરાઈ હતી અને પોલીસ દ્વારા વધુ આગળ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.તેમજ જામનગર ક્રઈઈ પોલીસે શહેરમાં વધુ એક વખત મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડતા દારૂના ધંધાર્થીઓમાં પણ ફફડાટ મચી ગયો છે. તેમજ જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુની સૂચનાથી જિલ્લા અને શહેરમાં દારૂ જુગાર ને નેસ્ત નાબૂદ કરવા કડકાઈથી કાર્યવાહી કરવા પણ આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એલસીબી પોલીસ દ્વારા શહેરમાં તમામ જગ્યાએ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું અને અલગ અલગ જગ્યાએ તપાસ કરતા વધુ એક વખત ઈંગ્લિશ દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો મળી આવતા આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોટી ભલસાણ ગામની સીમમાં જુગાર રમતા ૬ શખસો ઝડપાયા

જામનગર તાલુકાના મોટી ભલસાણ ગામની સીમમાં પંચ એ પોલીસ ટીમે દરોડો પાડી જાહેરમાં લાઈટના અજવાળે જુગાર રમતા છ શખસોને પકડી પાડી રૂા. ૩૭,૮૧૦ની રોકડ રકમ ઉપરાંત ૬ મોબાઈલ ફોન અને ત્રણ બાઈક સહિત રૂા. ૧.૪૨ લાખથી વધુનો મુદામાલ કબજે કરી તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. જામનગર પંચ એના પીઆઈ એમ.એન. શેખના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.કે. પટેલના નેતૃત્વ હેઠળ પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળા સ્ટાફના નિર્મલસિંહ જાડેજા સહિતની ટીમને જુગાર મામલે બાતમી મળી હતી.જે બાતમીના આધારે પોલીસ ટીમ મોટી ભલસાણ ગામની સીમમાં એક વાડીની ઓરડી પાસે પવનચકકીની બાજુના વિસ્તારમાં ત્વરીત ધસી ગઈ હતી.જે વેળાએ છ શખસો જુગાર રમતા માલુમ પડયા હતા. આથી પોલીસે સંજય અરશીભાઈ ચોચા, હરેશ જયસુખભાઈ ત્રિવેદી, વિનોદ મેશુરભાઈ છૈયા, પાલાભાઈ ધરણાતભાઈ ભેંડેળા, હેમત નાગદાનભાઈ ચાવડા અને અરશીભાઈ જીવાભાઈ સુવાને પકડી પાડયા હતા.પોલીસે રૂા. ૩૭,૮૧૦ની રોકડ રકમ ઉપરાંત છ મોબાઈલ ફોન અને ત્રણ મોટરસાઈકલ સહિત રૂા. ૧,૪૨,૮૧૦નો મુદામાલ કબજે કર્યો હતો.જયારે પકડાયેલા તમામ સામે પંચ એ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જયારે શહેરના ઉદ્યોગનગર પોલીસ ચોકીના પીએસઆઈ આર.ડી. ગોહિલ તથા સ્ટાફ પેટ્રોલીંગ કરી રહ્યો હતો તે દરમિયાન સ્ટાફના નારણભાઈ સદાદીયા, ધર્મેશભાઈ મોરી, જોગેન્દ્રસિંહ પાલ સહિતની પોલીસ ટુકડીને ગોકુલનગરના રામનગર-૬માં અમુક મહિલાઓ એકત્ર થઈ ગંજીપાના વડે જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસ ટૂકડી દોડી જતાં આઠેક મહિલાઓ પાના કુટતા માલુમ પડયા હતાં. આથી પોલીસે કુંવરબેન કારાભાઈ ગોજીયા, જયોત્સનાબેન લાલજીભાઈ સોલંકી, ગીતાબેન શૈલેષભાઈ વજેવાડીયા, હીરીબેન વજુભાઈ માડમ, અજાઈબેન ભીમશીભાઈ પાઉ અને જયોત્સનાબેન જટુભા જેઠવાને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

# વાંકાનેરના તરકીયા ગામે ૩૪ વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પીતા સારવારમાં મોત

વાંકાનેર તાલુકાના તરકીયા ગામે રહેતા નીતાબેન મુનાભાઈ લાલાભાઈ બાવડીયા ઉવ.૩૪ ગઈ તા.૦૪/૦૯ના રોજ પોતાના ઘરે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા નિતાબેનને મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ગઈ તા. ૦૫/૦૯ના રોજ નિતાબેનનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે આપઘાતમાં મૃત્યુના બનાવ અંગે ખાનગી હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા અ.મોત રજી. કરી ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વિશ્વહિન્દુ પરિષદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતા ઉપલેટામાં હિન્દુ સંમેલન યોજાયું

**મુખ્ય સમાચાર,ઉપલેટા**

વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના ૧૯૬૪ની સાલમાં મુંબઈના શ્રી ચીન્મયાનંદ આશ્રમ આશ્રમ ખાતે જન્માષ્ટમીના દિવસે સાધુ સંતોની ઉપસ્થિતિમાં સંઘ દ્વારા કરવામાં આવી હતી. જેને ગત જન્માષ્ટમીના રોજ ૬૦ વર્ષ પૂર્ણ થતા ષષ્ઠી પૂર્તી મહોત્સવ અંતર્ગત ઉપલેટા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ઉપલેટા પ્રખંડ દ્વારા ચંદ્રવાડીયા પરિવાર ખોડીયાર મંદિર ખાતે એક વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ઉપલેટા પ્રખંડના અધ્યક્ષ દિનેશભાઈ ચંદ્રવાડીયાના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. આ હિન્દુ સંમેલનના મુખ્ય વક્તા તરીકે શ્રી દહેરાદુનથી આવેલ ગૌતમભાઈ ખટ્ટર રહ્યા હતા.

આ હિન્દુ સંમેલનમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના શ્રી કલ્યાણમૂર્તિદાસ સ્વામી, શ્રી બડા બજરંગ રામ મંદિરના મહંત શ્રી કિશનદાસજી મહારાજ, જડેશ્વર મહાદેવ મંદિર આશ્રમના મહંત શ્રી રાજીવપુરી બાપુ, સાંઢડાના ટીંબા આશ્રમના મહંત



શ્રી માધવદાસજી બાપુ, શ્રી મહાકાળી મંદિર આશ્રમના મહંત શ્રી સુરેશગીરી બાપુ સહિતના પૂજ્ય સંતોએ મંચ પર બિરાજી હિન્દુ સંમેલનની શોભા સાથે લોકોનો ઉત્સાહ વધાર્યો હતો.

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના શાસ્ત્રી કોઠારી શ્રી ધર્મનંદનદાસજી મુંબઈ ખાતે હોવાથી આવી શક્યા ના હતા તેમ જ વાલ્મિકી સમાજના શ્રી રામદેવપીર મંદિરના મહંત શ્રી પણ બહાર હોવાથી ઉપસ્થિત રહી શકયા ના હતા તેમજ ખાસ કરીને ઉપલેટાના શહીદ ખારચીયા ગામે મેઘવાળ સમાજના મહંત પણ બહારગામ હોવાથી આવી શકેલ ન હતા. તેમજ જૂની હવેલી અને મોટી હવેલીના મુખ્યાજીઓ પણ બહાર હોવાથી ઉપસ્થિત રહી શકેલ ન હતા.

આ વિરાટ હિન્દુ સંમેલનના મુખ્ય વક્તા ગૌતમ ખટ્ટરને સાંભળવા માટે મોટી સંખ્યામાં સમસ્ત સનાતની હિન્દુ સમાજના સાહેબ તથા તાલુકાના ધાર્મિક, સામાજિક, રાજકીય, સેવાકીય સંસ્થાઓના આગેવાનો, હોદ્દેદારો, ભાઈઓ, બહેનો, બાળકો અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ ધર્મેન્દ્રભાઈ રાજાણી, મંત્રી પ્રફુલભાઈ જાની, સંયોજક મનીષભાઈ સોલંકી સહિતનાઓ પણ સાથે જોડાયા હતા.

# શ્રીફળમાં ગણપતિની પ્રતિમા સ્થાપિત કરાઈ



જામનગર છોટીકાશીમાં ભાવિકો ફરી ભગવાન ગણેશજીની આરાધનામાં લીન થયા છે.જામનગર શહેર કડીયાવાડ વિસ્તારના ગજાનંદ ગણપતિ મહોત્સવ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી રહી છે, અને ગણેશ ચતુર્થી લઈને અનંત ચતુર્દશી ના દિવસો દરમિયાન દરરોજ ગણપતિ દાદાની મહા આરતી અને જુદા જુદા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આ વર્ષે મંડળ દ્વારા પાર્વતીનંદન પ્રથમ પુજનીય ભગવાન ગણેશજીને શ્રીફળમાં બિરાજમાન કરાવવામાં આવ્યા છે. જેમાં મંડળના સભ્યોએ આસપાસના ધાર્મિક સ્થળોમાંથી નાળિયેરના છીલકાઓ એકત્ર કરીને વિશાળકદનું શ્રીફળ બનાવાયું છે, જેને અર્ધ ખુલ્લી અવસ્થામાં રાખીને તેની અંદર ભગવાન ગણપતિ દાદાને બિરાજમાન કરવામાં આવ્યા છે. જેના દર્શનાર્થે અનેક ગણેશ ભક્તો ઉંમટી રહ્યા છે.ગણેશ મહોત્સવના પ્રારંભ સાથે શહેરજનો પણ દુંદાળા દેવની ભકિતમાં લીન થયા છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, છોટીકાશી જામનગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી શહેરના મોટાભાગના મુખ્ય વિસ્તારમાં સાર્વજનિક ગણેશ ઉત્સવોના આયોજન કરવામાં આવી રહ્યા છે. જેમાં સંબંધિત મંડળના સભ્યો કે ભાવિકો દ્વારા દરરોજ દુંદાળા દેવને પ્રાંતઃ આરતી ઉપરાંત બપોરે થાળ, સાંજે મહાઆરતી, અન્નકૂટ સહિતના દર્શન યોજવામાં આવે છે. આ ઉપરાંત અમુક સ્થળોએ યજ્ઞ સહિતના વિશેષ આયોજન પણ ભાવિકો દ્વારા કરવામાં આવે છે. જેના દર્શનાર્થે લોકો ઉમટી પડે છે.

# જેતપુરના નવાગઢ રોડ પર ટ્રકમાં વિદેશી દારૂ બીયરના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

## ગ્રામ્ય એલસીબી ની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ટ્રક સહિત રૂપિયા ૧૦.૬૮ લાખ મુદ્દામાલ કબજે કરી જેતપુર અને નવાગઢના બે શખ્સોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરના નવાગઢ રોડ પર આવેલા મયુર ફાર્મ ની સામે ટ્રકમાં વિદેશી દારૂ બિયર ના જથ્થા સાથે બે શખ્સોને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઈ ₹૧૦.૬૭ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રૂરલ એલસીબી ટીમના પીઆઇ વીવી ઓડેદરા ની સૂચનાથી એએસઆઈ અનિલભાઈ હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સહિતનો સ્ટાફ જેતપુર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નવાગઢ રોડ પર આવેલા મયુર ફાર્મ ની સામે વોચ ગોઠવી હતી તે દરમિયાન ટ્રક નંબર લષ ૩ ઝેડ ૮૩ ૬૨નંબર ના ટ્રકમાં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી ટ્રકની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૨૨૨ કિંમત રૂપિયા ૪૧૪૦૦ તથા બિયરના ટીમ નંગ ૧૬૪ કિંમત રૂપિયા ૧૬૪૦૦ નો મુદ્દા માલ મળી આવતા પોલીસે ટ્રકનું ચાલક અને નવાગઢ જુમ્મા મસ્જિદ પાસે રહેતો સિકંદર બની તરક વાડીયા અને કૌશલ હોલ પાસે રહેતો ફિરોજ ઉર્ફે તમ લો વળી ઊઠેચા ની ધરપકડ કરી ટ્રક સહિત ₹૧૦.૬૮ લાખ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

પોલીસે ઝડપાયેલા બંને શખ્સોની આખરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો જેતપુર નવાગઢ પટેલ ચોક પાસે રહેતો ભાવેશ ઉર્ફે હલવો પટેલ અને નવાગઢનો ફિરોજ યુસુફ કાજે નામના બે બુટલેગરો એ દારૂનો જથ્થો મગાવ્યા ની કબુલાત આપતા પોલીસે આ બંને શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટમાં ત્રણ કરોડની ઠગાઈ કરનાર સ્વામીનારાયણના સાધુનો સાગ્રીત સુરતથી ઝડપાયો

## દેહગામ તાલુકામાં મંદિર બનાવવા જમીન ખરીદવા જાળ બિછાવેલી, રાજકોટમાં ત્રણ કરોડની છેતરપિંડી આચરનાર સ્વામિનારાયણ સાધુનો સાગરીત શિક્ષક લાલજી ઢોલા અને ચાર સાધુઓ વિરુદ્ધ ત્રણ કરોડની છેતરપિંડીનો ગુનો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગાંધીનગરના દેહ તાલુકાના નીંબ ગામે ૧૦ વીઘાં જમીન મંદિર બનાવવા માટે ખરીદવાના બહાને લોકોને ઠગતા સ્વામિનારાયણ સંપ્રદાયના ચાર સાધુઓનો ખાસ ગણાતા સુરતના લાલજી ઢોલાને સરથાણા પોલીસે ઝડપ્યો હતો. લાલજી અને સ્વામિનારાયણ સંપ્રદાયના ચાર સાધુઓ સહિત આઠ વિરુદ્ધ ગત ૨૩મી ઓગસ્ટે રાજકોટના જમીન દલાલે રાજકોટના ભક્તિનગર પોલીસ મથકે ત્રણ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે રાજકોટના નવલનગરમાં રહેતા અને ભક્તિનગર સર્કલ પર મેઘાણી રંગભવનમાં જય મોલીયા સાથે ભાગીદારીમાં જમીન દલાલીનો વ્યવસાય કરતાં જસ્મીન માઢકે આ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ધોરાજી ઝાલણસર શ્રીધામ ગુરુકુળના વિજય સ્વામી ઉર્ફે વી.પી. સ્વામી, જૂનાગઢ તળેટી રોડ સ્વામિનારાયણ મંદિરનાં જયકૃષ્ણ સ્વામી ઉર્ફે જે.કે. સ્વામી, પાનોલી અંકલેશ્વર રૂપિકુલ ગૌધામના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમ. પી. સ્વામી, આણંદ ગૌશાળાનાં દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રિય સ્વામી, પરવત પાટિયા મણીભદ્ર કોમ્પ્લેક્સના લાલજી બાવ ઢોલા, પૂણાગામ પરમેશ્વર પાર્કનાં સુરેશ ઘોરી તથા દેહગામ પીંપળજનાં ખેડૂત ભૂપેન્દ્ર શના ચૌહાણ અને વિજયસિંહ આલુ ચૌહાણ વિરુદ્ધ છેતરપિંડીનો ગુર્ના નોંધાવ્યો હતો. બંને જમીન દલાલ સુરત આવ્યા ત્યારે કાર દલાલી કરતા આ ટોળકીના સુરેશ ઘોરીને મળ્યા હતા. તેઓ જ જાન્યુઆરી મહિનામાં સ્વામિનારાયણ સંપ્રદાય લીંબગામે વિશાળ મંદિર બનાવવા માંગે છે અને તે માટે જમીન લેવા માંગતા હોવાનું જણાવી સાધુઓ તથા લાલજી ઢોલાની મુલાકાત વડતાલ મંદિરના ખજાનચી તરીકે કરાવી હતી.



આ સ્વામીઓને મળતાં તેમણે બહાનું બનાવ્યું હતું કે મંદિર દ્વારા જમીન ખરીદવામાં આવશે તો ખેડૂતો વધુ ભાવ માંગશે જેથી (આ જમીન આ બંને દલાલો પોતાના નામે ખરીદી બાદમાં સંપ્રદાયને આપશે તો વીઘા દીઠ એક લાખ વધુ આપવાની વાત કરી ફસાવ્યા હતા. બંને જમીન દલાલોએ સ્વામીઓના કહેવાથી લીંબ ગામ ગયા હતા અને જમીન માલિક ભૂપેન્દ્ર પટેલ અને વિજયસિંહ ચૌહાણને મળી તેનો સોદો કર્યો હતો. એડવાન્સ પેટે ત્રણ કરોડ આ બંને ભાગીદારોએ ચૂકવી સાટાખત બનાવી લીધા હતા. પરંતુ ૧૬મી મેએ આ સ્વામીઓએ સુરતના ડોક્ટરને લીંબ ગામની જમીનના નામે ૧.૩૧ કરોડમાં નવડાવ્યો હોવાનું અખબારમાં વાંચ્યા હતા.

# રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮ દરોડા, ૧૮ મહિલા આરોપી સહિત ૪૯ શકુની ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તા.૯ઃ રાજકોટ જીલ્લામાં જુગારના હાટડા ઉપર પોલીસે ઘોંસ બોલાવી અલગ-અલગ ૮ દરોડામાં જુગાર રમતી ૧૭ મહિલા સહિત ૪૮ને ઝડપી લીધા હતા.

પ્રથમ દરોડામાં મેટોડા જીઆઈડીસી પોલીસે ગેઈટ નં.૦૨ની સામે આવેલ શ્રીનાથજી સોસાયટીમાં રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) શિતલબેન સંજયભાઈ સોનારા રહે.મેટોડા જીઆઈડીસી ગે.૨ની શ્રી નાથજી સોસાયટી, (૨) રમાબેન રાજેશભાઈ જલુ રહે.મવડી ચોકડી લાભદીપ શેરી નં.૭ રાજકોટ (૩) રીટાબેન દીલીપભાઈ જાખેલીયા રહે.મોટાવડા તા.લોધીકા જી.રાજકોટ, (૪) હેતલબેન જેન્તીભાઈ જાખેલીયા રહે.રાજકોટ કોઠારીયા રાધે કળષ્ણનગર શેરી નં.૧૪, (૫) મધુબેન વલ્લભભાઈ રોળીયા રહે.મવડી રાજદિપ સોસાયટી શેરી, (૬) વર્ષાબેન શૈલેષભાઈ ઝરવરીયા રહે. મેટોડા જી.આઈ.ડી.સી ગે.૨ ની સામે શ્રીનાથજી સોસાયટી, (૭) વિજુબેન ફાળુભાઈ બાવળીયા રહે.જાગનાથ પ્લોટ ખુણે રાજકોટ તથા (૮) ગીતાબેન વિપુલભાઈ પંચાસરા રહે. મેટોડા જી.આઈ.ડી.સી ગે.૨ ની સામે શ્રીનાથજી સોસાયટી ને રોકડા રૂ.૯૪૦૦ તથા ગંજીપતા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં ગોંડલ બી ડિવીઝન પોલીસે ગોંડલ, વલ્લભ વાટીકા સોસાયટી ગોંડલ રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) રસીલાબેન હસમુખભાઈ પીત્રોડા, (૨) દમયંતીબેન કાન્તીભાઈ કનેરીયા (૩) ચાંદનીબેન જીલેશભાઈ કકડ (૪) સધ્ધાબેન ચીરાગભાઈ ડઢાણીયા (૫) નીક્તાબેન અશ્વિનભાઈ મારવણીયા (૬) ગોપીબેન કૌશીકભાઈ દેરવાડીયા (૭) મંજુલાબને ઘીરૂભાઈ મારળણીયા (૮) મંજુલાબેન દિનેશભાઈ દુદવાણી (૯) પારૂલબેન રવિભાઈ ધોડાસરા તથા (૧૦) મીનાબાન મધુબેન વિનુભાઈ ભગદેવ રહે. બધા વલ્લભ વાટીકા સોસાયટી, ગુંદાળા રોડ, ગોંડલને રોકડા રૂ.૧૧,૪૫૦ અને ગંજીપતા સાથે ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડામાં ભાયાવદર પોલીસે ભાયાવદર હોળીધાર પાસે રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) સાગર નંદાભાઈ રાઠોડ ધંધો-મજુરી રહે.ભાયાવદર હોળીધાર વિસ્તાર, (૨) ભાવેશ સાજણભાઈ સાદીયા ધંધો.મજુરી રહે.ભાયાવદર હોળીધાર વિસ્તાર, (૩) હરિશ રાજાભાઈ ચાંડપા ધંધો- મજુરી રહે.વડવાળા તા.રાણાવાવ, (૪) ઉમેશ ઉર્ફે ઉમલો અશોકભાઈ જોડ ધંધો-મજુરી રહે.મોકર તા.રાણાવાવ, (૫) દિવ્યેશ દેવજીભાઈ ચાંડપા ધંધો- મજુરી રહે.વડવાળા તા.રાણાવાવ, (૬) પ્રકાશ નાથાભાઈ બગડા ધંધો-મજુરી રહે. રાણા કંડોરણા તા.રાણાવાવ, (૭) ભાવેશ મેઘજીભાઈ સોંદરવા રહે.રાણા કંડોરણા તા.રાણાવાવ તથા (૮) વિપુલ બાબુભાઈ વાળા રહે.ભાયાવદર હોળીધાર ને રોકડા રૂ.૩૩,૪૦૦ ગંજીપતા સાથે ઝડપી લીધા હતા. ચોથા દરોડામાં પાટણવાવ પોલીસે મોટી મારડ ગામે ધોરવાડા વિસ્તાર વોકળાના કાંઠે રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) દિલીપ વલ્લભભાઈ ગોહીલ (૨) કમલેશ બાબુભાઈ ભરડા (૩) વિજય રણછોડભાઈ સોદરવા (૪)સાગર પ્રભુભાઈ પાનેસરા તથા (૫) હિતેષ જીવાભાઈ કાઠી તમામ મોટી મારડને રોકડા રૂ. ૧૮,૫૮૦ અને ગંજીપતા સાથે ઝડપી લીધા હતા. પાંચમાં દરોડામાં પાટણવાવ પોલીસે મોટી મારડ ગામે ધોરવાડા વિસ્તાર દરગાહ પાસે આવેલ વોકળાના કાંઠે રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) હેમલ બટુકભાઈ બારૈયા (૨) કેતન રામજીભાઈ બારૈયા, (૩) દિલીપ રણમલભાઈ રાજગર (૪) હરેશ સામતભાઈ વાસણ (૫) કમલેશ રવજીભાઈ માંગરીયા (૬) રવિ મનજીભાઈ પરમાર (૭) મોહન કાળાભાઈ સોલંકી રહે. તમા મોટી મારડને રોકડ રૂ. ૨૪,૭૪૦ અને ગંજીપતા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



છઠ્ઠા દરોડામાં ધોરાજી તાલુકા પોલીસે ધોરાજી જુનાગઢ રોડ પર અર્જુન પ્લાસ્ટીક વાળી ગલીમાં રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) હરેશ કુરજીભાઈ સાકરીયા ધંધો ખેતી રહે. ધોરાજી જુનાગઢ રોડ (૨) વિનોદ કાનજીભાઈ દેગામા (૩) પિયુશ ગંગદાસભાઈ ટોપીયા (૪) અજયભાઈ દિનેશભાઈ દેગામા ધોરાજીને કોરડા રૂ.૧૫,૨૨૦ અને ગંજીપતા સાથે ઝડપી લીધા હતા. સાતમાં દરોડામાં ધોરાજી સીટી પોલીસે ધોરાજી રામપરા ગરબી ચોક પાસે રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) સામો ઉર્ફે શ્યામ અશોકભાઈ ભરાડીયા (૨) દીલીપ નાનજીભાઈ કીલાણીયા (૩) જયદેવ ઉર્ફે સીક્કો વાલજીભાઈ જરવરીયાને ઝડપી લીધા હતા. જયારે બાબુભાઈ ચકાભાઈ બુકેલીયા, બટુક ઘેલાભાઈ શંખેસરીયા, રવિ સુરેશભાઈ સિંહોરા રહે. ત્રણેય ધોરાજી રામપરા વાળા નાસી છુટયા હતા. પોલીસે ૧૨,૮૦૦ની રોકડ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આઠમાં દરોડામાં ઉપલેટા પોલીસે નાગનાથ ચોક કોળીવાડા શેરી નં. ૧ માં રેઈડ કરી જાહેરમાં જુગાર રમતા (૧) શરત લાલજીભાઈ કુંવરીયા ધંધો મજુરી રહે. ઉપલેટા (૨) ચેતન લાલજીભાઈ કુંવરીયા (૩)અલ્પેશ લાલજીભાઈ કુંવરીયા તથા (૪) હરેશ નાથાલાલ કુંવરીયા ધંધો મજુરી રહે. ઉપલેટાને રોકડા રૂ. ૨૫૫૦ અને ગંજીપતા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# કાઠિયાવાડ બાલાશ્રમના પારણામાં મધરાતે ત્યજી દેવાયેલ બાળકીનું મોત

ગોંડલ રોડ પર આવેલા બાલાશ્રમના દરવાજે રાખવામાં આવેલા પારણામાં અજાણી મહિલા દ્વારા નવજાત શીશુ બાળકીને ત્યજી દઈ ફરાર થઈ ગઈ હતી અને બાલાશ્રમના સ્ટાફે તાકીદે માસુમ ફલને હોસ્પિટલમાં ખસેડ્યું હતું. જેનું ગત.તા.૮ના સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે પોલીસે માસૂમ બાળકીને ત્યજી દેનાર નિષ્ઠુર અજાણી માતા સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. ગોંડલ રોડ ઉપર આવેલા કાઠિયાવાડ બાલાશ્રમના દરવાજે રાખવામાં આવેલાં પારણામાં ગત તા.૧૭/નાં એક અજાણી મહિલા નવજાતબાળકી ને ત્યજી દઈ ફરાર થઈ ગઈ હતી અને આ અંગેની જાણ થતાં બાલાશ્રમનો સ્ટાફ દોડી ૧૦૮ મારફત બાળકીને સારવાર અર્થે એઈમ્સ હોસ્પિટલમાં ખસેડી પોલીસને જાણ કરી હતી જેનું સારવાર દરમ્યાન ગત.તા.૮ના મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે ભકિતનગર પોલીસ મથકના પીએસઆઈ પી.એસ.ગોહિલે માસૂમ ફલને ત્યજી દેનાર નિષ્ઠુર અજાણી માતા વિરુદ્ધ ગુનો નોંધી આસપાસમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે શોધખોળ હાથ ધરી છે.

# મોરબી રોડપર સરનામુ પુછવાના બહાને ગઠીયો રૂા.૭૩ હજારનો મોબાઈલ સેરવી ગયો

રાજકોટની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હાલ કથડીને ખાડે ગઈ હોય ત્યારે તસ્કરો બેફામ બન્યા હોય તેમ એક બાદ એક ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસને પડકાર ફેકી રહ્યા છે. ત્યારે શહેરના મોરબી રોડ આવેલ શાળા નં૭૭ પાસે રહેતા મુકેશભાઈ રાઠોડએ બી ડિવીઝન પોલીસમાં તેઓના મોબાઈલની શખસે લૂંટ ચલાવી નાશી છુટયો હોવાની ફરિયાદ નોંધાવી છે.જેમાં ગત.તા.પના તેઓ વ્હેલી સવારે ઘરની બહાર બેઠા હતા.દરમ્યાન અજાણ્યો શખસ તેઓ પાસે આવીને જકાતનાકા જાવું છે. એડ્રેસ જણાવો જેથી તેને સમજાવ્યા તે જતો રહ્યો હતો. અને તેઓને કામે જવાનું હોવાથી મોબાઈલ ઓટા પર ન જોવા મળતા બાદમાં તેઓને જાણ થઈ કે એડ્રેસ પુછવા આવેલ શખસે નજર ચુકવી રૂ.૭૩ હજારનો મોબાઈલ સેરવી લીધા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોપાલનગરની મહિલા સાથે છેંતરપીડી કરનાર અમદાવાદના શખ્સ વિરૂદ્ધ ફરિયાદ



શહેરના ગોપાલનગરમાં રહેતી મહિલાને તેના અમદાવાદના મિત્રએ શેર માર્કેટમાં રોકાણ કરવાથી ડબલ વળતર આપવાની લાલચે રૂ.૩.૮૦ લાખ પડાવી બાદમાં કોઈ વળતર ન આપી છેતરપીંડી કરી હોવાની ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ગોપાલનગર સિટી ફોર્ચ્યુન એપાર્ટમેન્ટમાં રહેતા માનસીબેન પ્રદીપભાઈ ભટ્ટીએ અમદાવાદ રહેતા તેના મિત્ર ધવલનું નામ આપી ફરિયાદ નોંધાવી છે.જેમાં ધવલ અમદાવાદમાં મોના એસ્ટેટ કરીને એર કમ્પ્રેશન બનાવવાની પેઢી ધરાવે છે.અને સાથે શેર માર્કેટમાં બ્રોકરેજનું કામ કરે છે. એક વર્ષ પહેલા આરોપીએ શેર માર્કેટમાં પૈસા રોકશો તો સારો નફો મળશે તેમ વાત કરેલ જેથી આરોપીની પત્નિ રીચાના બેંક એકાઉન્ટમાં કટકે કટકે રૂ.૩.૮૦ લાખ ટ્રાન્સફર કરેલ અને બાદમાં આરોપીએ ફોન કરીને કહ્યું કે જે રૂપિયા આપેલ છે તે નફા સાથે થોડા સમયમાં પરત કરી આપીશ તેમ વાત કરી હતી. થોડા સમય પછી તેઓને પૈસાની જરૂરીયાત ઉભી થતા આરોપીએ રૂ.૧૫ હજાર પરત આપ્યા હતા.બાકી નીકળતા પૈસા માટે અવાર નવાર બહાના આપી કોઈ વળતર કે મૂળ રકમ પરત ન આપી રૂ.૩.૮૦ લાખની છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાવતા એએસઆઈ ડી.વી. બાલાસરાએ ગુનો નોંધી શખસની શોધખોળ હાથ ધરી છે.

# આણંદપર (બાધી) ગામે સભર્ગાનું હૃદય ધબકારા ચૂકી ગયું

ચોમાસાની મૌસમમાં વધતા જતા હાર્ટએટેકના બનાવો વચ્ચે વધુ એક સગર્ભાનું હૃદય રોગના હુમલાથી મોત થયું છે. ત્યારે આણંદપર પાસે આવેલા ગામની પરિણીતાને લગ્નના ૨૦ વર્ષ બાદ ગર્ભ રહ્યા પછી સંતાન પ્રાપ્તિ થાય તે પહેલા મૃત્યુ નિપજતા પરિવામાં કલ્પાંક છવાયો છે. આણંદપરના બાધીગામે રહેતા જશુબેન ભગવાનજીભાઈ ફંગલીયા નામના ૪૨ વર્ષીય મહિલા પોતાના ઘરે કામ કરી રહ્યા હતા.ત્યારે અચાનક તેઓને ચક્કર આવતા તે બેભાન થઈ ઢળી પડયા તાત્કાલિક પરિવાર દ્વારા સારવાર અર્થે રાજકોટની એઈમ્સ ખાતે ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતાં કુવાડવા પોલીસ મથકના જમાદાર ડી.વી. પરમાર સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક જશુબેનના ૨૦ વર્ષ બાદ ગર્ભ રહ્યો હતો.અને હાલ બે માસનો ગર્ભ હતો.જેથી પરિવારમાં ખુશીની લાગણી પ્રસરી હતી.પરંતુ પરિણીતાનું હૃદયરોગના હુમલાથી મોત ાજિતા પરિવારમાં કલ્પાંક છવાયો હતો.

# થોરાળા પોલીસની સરહાનીય કામગીરીઃ ૩ વર્ષની બાળકી અને અસ્થિર મગજની મહિલાનું પરિવાર સાથે મીલન કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**



થોરાળા પોલીસની ટીમ દ્વારા માતા-પિતાથી વિખૂટી પડેલી ૩ વર્ષની બાળકીનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.વિગત મુજબ થોરાળા પોલીસ સી-ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સંત કબીર રોડ-ત્રિવેણી ગેટ પાસે એક ૩ વર્ષની બાળકી રડતી હાલતમાં મળી આવી હતી.જેના વાલી-વારસ અંગે ૩૦ મિનીટ સુધી આસપાસમાં શોધખોળ કરતા મળી ન આવતા પી.સી.આર. વાહનના ઈન્ચાર્જ કોન્સ્ટેબલ મયુરસિંહ અને સી-ટીમના વુમન લોક રક્ષક મિનાક્ષીબેન દ્વારા પોલીસ સ્ટેશન ખાતે બાળકીને લાવી ચીલ્ડ્રન રૂમમાં બેસાડી તેના મા-બાપ અંગે વિશેષ તપાસ કરતા મુળ કોલકાતાના અને સંતકબીર રોડ ખાતે ઈમીટેશનનું પરચુરણ કામ કરતુ દંપતી તેમની બાળકી અંગે શોધખોળ કરતા મળી આવતા તેઓને સ્ટેશન ખાતે લઈ આવી પુછપરછ કરી બાળકીનું મિલન કરાવ્યું હતું.

બીજા બનાવમાં જાગૃત નાગરીક દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી કે, ભાવનગર રોડ, અમુલ સર્કલ પાસે એક અસ્થિર મગજની જણાતી મહિલા રડતા હાલતમાં નાના બાળકને લઈ ચાલીને આજીડેમ ચોકડી તરફ જઈ રહી છે જે શંકાસ્પદ જણાતા સ્ટાફ દ્વારા તેને પોલીસ મથકે લાવી પુછપરછ કરતા પોતે માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતી હોવાનુ જણાવેલ જેથી તેના સગા-વ્હાલાઓને બોલાવી ખરાઈ કરતા તેઓએ જણાવેલ કે આ બાળક તેનુ જ છે અને આ મહિલાના પતિ સાથે છુટ્ટાછેડા થયા બાદ આ રીતે જ રહે છે. તે અંગેની ખાતરી કરી તેઓને નિવાસ સ્થાને પહોંચાડયા હતા.

# કોઠારીયા સોલવન્ટ પાસે આડા સંબંધના કારણે બાવાજી પ્રોઢની હત્યા કરતો પાડોશી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારીયા સોલવન્ટમાં રહેતા પાણીના સપ્લાયર આધેડની પાડોશમાં રહેતા શખસે તેઓની પત્નિ સાથેના આડાસંબંધ મુદે છરીના ઘા ઝીકી હત્યા કરી હત્યારો નાશી જતા તેની સામે આજીડેમ પોલીસે હત્યાનો ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. મૂળ વિસાવદરના માંડાવડ ગામના વતની અને છેલ્લા દસ વર્ષથી શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં હરિદ્વાર-૧માં રહેતા ભકિતરામ મગનલાલ નિમાવત ઉ.વ.૪૫ નામના આધેડ ગત.તા.૮ના સાતેક વાગ્યા આસપાસ ગણેશ પાર્ક શેરી નં રમાં હતા. ત્યારે રામજી મકવાણા નામના શખસે છાતીના ભાગે છરી નો ઘા ઝીકી હત્યા કરી પાડોશી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગેની જાણ થતા હરિદ્વાર-૧માં રહેતા મૃતક ભકિતરામનો સાળો જીગ્નેશ સહિતના પરિવારજનો દોડી જઈ ભકિતરામને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી જાણ કરતાં આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ સોલંકી સહિતના દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારની સોસાયટીમાં પાણી સપ્લાય અને ટાંકા ભરવાનુ કામ કરતા ભકિતરામ નિમાવતને એક મહિના પુર્વે હત્યારા રામજી મકવાણા સાથે સ્ત્રીપાત્રના આડાસંબંધ મુદે માથાકુટ થઈ હતી.અને બાદમાં બન્ને વચ્ચે સમાધાન થઈ હતું.અને રવિવારની રાત્રે ગણેશપાર્કમાં મૃતક ભકિતરામ ગયો ત્યારે આરોપી રામજી મકવાણાએ છાતીમાં છરી નો ઘા મારી હત્યા નિપજાવી ફરાર થતા આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.મૃતક ચાર ભાઈ-બહેનમાં વચ્ચે હતા. આધેડના મોતથી પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# શાપરમાં હત્યા અને એટ્રોસિટીના ગુનામાં બે આરોપીને જામીન મુકત કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર વેરાવળમાં કોરાટ સ્કૂલ પાસે પાનની દુકાન ધરાવતા બંધુઓએ નાણાની ઉઘરાણી મામલે એક યુવક પર હુમલો કર્યો હતો અને તેમાં સાથે તેનો મિત્ર પણ જોડાયો હતો જે બનાવ હત્યામાં પરિણમતા પોલીસે હત્યા અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો જે ગુનામાં સંડોવાયેલા એક શખ્સે જામીનમુક્ત થવા પ્રથમ નીચલી અદાલત બાદ હાઈકોર્ટમાં અરજી કરતા વકીલોની ધારદાર દલીલોને ધ્યાને રાખી હાઈકોર્ટે એક આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

કેસની હકીકત એ મુજબની છે કે, ગર તા. ૨૯/૧/૨૦૨૪ના રોજ રાત્રીના દશેક વાગ્યાની આસપાસ શાપર-વેરાવળ ખાતે કોરાટ સ્કુલ પાસે ધર્મભક્તિ કોમ્પ્લેક્ષમાં આવેલ સિધ્ધી વિનાયક પાનની દુકાન ખાતે આ યશ નામના બે ભાઈએ તેની દુકાને આવેલ પ્રવિણભાઈ મગનભાઈ મકવાણા સાથે અગાઉના બાકી રૂપિયા ૪૫૦૦ની ઉઘરાણી કરી હતી. જે બાબતે માથાકૂટ થતી હતી ત્યારે જ ત્યાંથી પ્રવિણભાઈનો કૌટુંબિક ભત્રીજો જયદિપ રાજેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૦ રહે. વેરાવળ, શાપર) ત્યાંથી નીકળતા તે વચ્ચે પડ્યો હતો. તે વખતે આ યશ અને તેનો ભાઈ ચિરાગ અપશબ્દો આપતા જયદિપ તેને અપશબ્દો નહિં આપવાનું કહેતા આ બન્ને ભાઈઓ દુકાનમાંથી બહાર આવી અને પ્રવિણ અને જયદિપને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરેલ. ઢીકાપાટુંનો માર મારેલ અને એવામાં એક અજાણ્યો શખ્સ આવેલ અને આ ત્રણેય ઉશ્કેરાઈ ગયેલ અને યશે નેફામાંથી છરી કાઢેલ અને જયદિપને આડેધડ છરીના ઘા મારવા લાગેલ. સારવારમાં જયદીપનું મૃત્યુ થતા બનાવ હત્યામાં પલટાયો હતો. આરોપી યશ, ચિરાગ અને અજાણ્યા શખ્સની ઓળખ વિજય જગદિશ પરમાર તરીકે થતા ત્રણેયની ધરપકડ થઈ હતી. ચાર્જશીટ બાદ આરોપી વિજયે એડવોકેટ દુર્ગેશ ધનકાણી મારફત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી.

# ક્રોટડા સાંગાણી પાસે કાર પલ્ટી ખાઈ જતા ભાડલાના આશાસ્પદ યુવાનનું મોત

## કાર આડે કુતરૂ ઉતરતા બચાવવા જતા અસ્કમાત સર્જાયો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકાના ભાડવા ગામે રહેતો યુવાન તેના મિત્રની કાર લઈને કોટડા સાંગાણી ગયો હતો. તે સમયે કોટડા સાંગાણી નજીક પહોંચતા કાર આડે એક કૂતરું ઉતર્યું હતું જેને બચાવવા માટે કાવો મારતા કાર પલટી મારી ગઈ હતી. જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી યુવકનું મોત નીપજ્યું હતું. આ ઘટના બારામાં પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. કોટડા સાંગાણીથી ભાડવા રોડ પર સોમનાથ પેટ્રોલ પંપ પાસે આ દુર્ઘટના બની હતી અને શ્વાનને બચાવવા જતાં કાર પલટી મારી ગઈ હતી, એટલું જ નહીં, કાર ત્રણ ગડથોલિયા ખાઈને રસ્તાની સાઈડમાં જઈ પડી હતી. જેમાં ભાડવાના રહેવાસી અને ચાલક



બાબુભાઈ ગોબરભાઈ વાઘેલા ઉંમર ૩૮નું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. તેઓ ગૌતમભાઈ રાઠોડની ગાડી લઈને કોઈ પોતાના કામ ઉપરથી પરત ફરી રહ્યા હતા અને રસ્તામાં આ બનાવ બન્યો હતો.

બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ માટે ખસેડવા તજવીજ હાથ ધરી હતી તેમજ તેના પરિવારને ઘટના અંગે જાણ કરી હતી. બાબુભાઈને સંતાનોમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# કુવાડવા પાસે ટ્રકની ઓવરટ્રેક કરવા જતા બાઈક ચાલકનું મોત



કુવાડવા ગામ નજીક બાઈક પર જઈ રહેલો યુવાન રોડની સામેની સાઈડમાં જવા માંગતો હોય ત્યારે અચાનક આગળ જતાં ટ્રકની ઓવરટ્રેક કરી ટર્ન મારવા જતાની સાથે નીચે પટકાયો હતો અને ટ્રકના પાછળના વ્હીલના જોટામાં ચગદાઈ જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેને હોસ્પિટલે લઈ જવાતા ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.મિલન ધામેલિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગત તા. ૨ સપ્ટેમ્બરે બપોરના એક વાગ્યાની આસપાસ હું અમારા શેઠના કારખાનામાં કામ ઉપર હતો ત્યારે મને મારા માતા ગીતાબેનનો ફોન આવ્યો અને તેણે જણાવ્યું કે, માહીરભાઈનું કુવાડવા ગામ પાસે એક્સિડન્ટ થયેલ છે. તેને સારવારમાં સિવિલ હોસ્પિટલ રાજકોટ તેના શેઠ જયદીપભાઈ તથા બીજા માણસો લઈને ગયા છે. તેને સારવામાં દાખલ કરી તેમના શેઠ જયદીપભાઈ અહી ઘરે આવેલ હતા. આ સાંભળી હું અમારા ઘરે ગયો અને ત્યાંથી મારા બા ગીતાબેનને લઈ સિવિલ હોસ્પિટલ ગયા હતા. સિવિલ પહોંચતા મારા ભાઈ માહીરને ઈમરજન્સી સારવામાં દાખલ કરતા ફરજ પરના ડોક્ટરે તપાસીને મૃત જાહેર કર્યાનું જાણવા મળ્યું હતું. આ અંગે અકસ્માત સમયે સાથે રહેલા રાહુલભાઈને બનાવ બાબતે પૂછતા તેમણે વાત કરી કે, સવારના સાડા દસ વાગ્યાના સમયે માહીરભાઈ અમારા બીજા મેતાજી અંકિતભાઈ હરજીભાઈ રંગપરાનું બાઈક લઈ કુવાડવા ગામે અમારી ઓફિસ આવેલ ત્યાંથી કુવાડવા જીઆઈડીસી તરફ કામ અર્થે જતા હતા. કુવાડવા ગામ રાધે હોટેલ પાસે રોડ ઉપર પહોંચેલ ત્યારે રોડ ઉપર ટ્રક સાથે અકસ્માત થતા તેમને શરીરે ઈજા થતા રાધે હોટેલ વાળા શૈલેષભાઈનો મને ફોન આવતા હું ત્યાં ગયો હતો અને માહિરભાઈને શરીરે ઈજા થયેલ હોય જેથી તેને પ્રથમ કુવાડવા સરકારી દવાખાને તેમજ બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવારમાં લઈ ગયેલ ત્યાં પ્રાથમિક સારવાર ડોક્ટરે અગિયારેક વાગ્યે ઈમરજન્સી સારવારમાં માહિરભાઈને દાખલ કરતા ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.